મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY), મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના, અનુસૂચિત જનજાતિ તેમજ અનુસુચિત જાતિના પાત્રતા ધરાવતા અને ફ્રી શીપ કાર્ડ વગેરેનો લાભ મેળવતા અને રાજ્યની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ પાસેથી રાજ્યમાં ગ્રામીણ સેવાઓ બજાવવા સબબ બોન્ડ આપવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ એમસીજી/૧૦૧૯/એસએફએસ-૨૬/જ
સચિવાલય, ગાંધીનગર
તા.30/0૧/૨0૨0.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ભૂતપૂર્વ પંચાયત અને આરોગ્ય વિભાગના તા.30.0૫.૧૯૭૨ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી/૧૨૭૨/3૬3૪/ન
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૧.0૬.૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક. બી.એન.ડી/૧0૮૬/૧૭00/જ
(3) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭.0૭.૧૯૯3ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧0૯૨/૫૧૧૧/જ
(૪) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૮.0૫.૨00૭ના ઠરાવ ક્રમાંક.એમ.સી.જી/૧0૧૭/૧૪૧/જ
(૫) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૨૮.0૬.૨0૧3ના ઠરાવ ક્રમાંક એમ.સી.જી/૧0૧3/એસ.એફ.એસ ૫૪/જ
(૬) શિક્ષણ વિભાગના તા. ૨૧/૮/૨0૧3ના ઠરાવ ક્રમાંકઃસસક/૧0૧3/૫૪૯/છ
(૭) શિક્ષણ વિભાગના તા. ૧૬/૬/૨0૧૪ના ઠરાવ ક્રમાંકઃઅજજ/૨0૧૪/૫૧/ખ-૧
(૮) શિક્ષણ વિભાગના તા. ૭/૧0/૨0૧૫ના ઠરાવ ક્રમાંકઃપરચ/૧0૨0૧૪/યુઓઆર-૬/સ
(૯) શિક્ષણ વિભાગના તા. ૪/૬/૨0૧૬ના ઠરાવ ક્રમાંકઃપરચ/ ૧0૨0૧૪/યુઓઆર-૬/સ
(૧0) શિક્ષણવિભાગના તા.૧૯/૭/૨0૧૭ ના ઠરાવક્રમાંકઃએમવાયએસવાય/૧૨૧૭/૬૮૧/ખ



Scanned by CamScanner

(૧૧) કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવા અને તબીબી શિક્ષણની તા:૨૫/03/૨૦૧૯ ની સીંગલ ફાઇલ સિસ્ટમથી મળેલ દરખાસ્ત

(૧૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૪.૦૮.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી./૧૦૧૯/એસએફએસ-૨૬/જ

આમુખ:-

રાજયની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતાં અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના તેમજ અનુસુચિત જન જાતિ તથા અનુસુચિત જાતિના યોગ્યતા ધરાવતા તથા ફ્રી શીપ કાર્ડ વગેરે યોજનાઓનો લાભ મેળવતાં વિધાર્થીઓ પાસેથી રાજયમાં ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ બોન્ડ લેવા અંગે સંદર્ભ દર્શિત-૧૨ના ઠરાવથી નિર્ણય કરવામા આવેલ છે.

ઉકત ઠરાવની શરતનં-૮ નીચે મુજબ છે.

"(૮) આ ઠરાવ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ તથા ઉપર દર્શાવેલી યોજનાઓનો લાભ લઈ હાલમાં જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરતાં ચાલુ વિદ્યાર્થીઓ માટે અમલમાં આવશે."

ઉકત શરતમાંથી અગાઉ પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓને મુક્તિ આપવા અંગે વિદ્યાર્થીગણ તથા વાલીગણની વિવિધ રજુઆતો સરકારની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

રાજયની સ્વનિર્ભર મેડીકલ કોલેજોમાં એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરતાં અને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના તેમજ અનુસુચિત જન જાતિ તથા અનુસુચિત જાતિના યોગ્યતા ધરાવતા તથા ફ્રી શીપ કાર્ડ વગેરે યોજનાઓનો લાભ મેળવતાં વિદ્યાર્થીઓ પાસેથી રાજયમાં ગ્રામ્ય સેવાઓ બજાવવા સબબ બોન્ડ લેવા અંગેના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી./૧૦૧૯/એસએફએસ-૨૬/જ, તા.૧૪/૦૮/૨૦૧૯ની શરતનં.૮માં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ સુધારો કરવામા આવે છે.

"(૮) આ ઠરાવ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ તથા ઉપર દર્શાવેલી યોજનાઓનો લાભ લઈ હાલમાં જુદી જુદી કોલેજોમાં અભ્યાસ કરતાં ચાલુ વિદ્યાર્થીઓ માટે



Scanned by CamScanner

અમલમાં આવશે તથા હાલ 2nd , 3rd Year, વિગેરેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બોન્ડમાં જોડાવવા અથવા સ્કોલરશીપની રકમ સરકારમાં પરત કરવાનો વિકલ્પ આપવાનો રહેશે."

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૧૪.૦૮.૨૦૧૯ના ઠરાવ ક્રમાંક. એમ.સી.જી./૧૦૧૯/એસએફએસ-૨૬/જની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વી.જી.વણઝારા)
અધિક સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી (આરોગ્ય)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી(આ.)ના અંગત સચિવશ્રી, આરોગ્ય અને પ.ક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-ઈડીપી સેલ, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી-પગાર ચકાસણી એકમ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી સેવા / જાહેર આરોગ્ય / પરિવાર કલ્યાણ, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી(ડેન્ટલ), અમદાવાદ.
- મુખ્ય કારોબારી અધિકારીશ્રી, જી.એમ.ઈ.આર.એસ., ગાંધીનગર.
- તબીબી અધિક્ષકશ્રી, સરકારી મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- અમદાવાદ, વડોદરા , જામનગર, રાજકોટ ,સુરત, ભાવનગર.
- ડીનશ્રી, સરકારી મેડીકલ કોલેજ/ડેન્ટલ કોલેજ, અમદાવાદ વડોદરા, જામનગર, રાજકોટ, સુરત, ભાવનગર.
- તબીબી અધિક્ષકશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ- સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.
- ડીનશ્રી, જીએમઇઆરએસ મેડીકલ કોલેજ, સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર, ધારપુર-પાટણ, વલસાડ, જૂનાગઢ, વડનગર, હિંમતનગર.



Scanned by CamScanner